# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

## ધોરણ-૧૦ પછીના પોલીટેકનીક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫નાં કોમન પ્રવેશ ને અંતે જૂ.કૃ.યુ. માં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટેનો રૂબરૂ

### કાઉન્સેલિંગ કાર્યક્રમ

(વેબસાઈટ: www.jau.in, poly.gsauca.in)

| ક્રમ નં. | પોલીટેકનીકનું નામ | ખાલી બેઠકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ધારી | ૩ |
| ૨ | પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, હળવદ | ૨ |
| ૩ | પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, સીદસર (હાલ: જૂનાગઢ) | ૧ |
| ૪ | પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી (માત્ર વિદ્યાર્થીનીઓ માટે) | ૯ |
| ૫ | પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | ૩ |
| ૬ | પોલીટેકનીક ઇન એગ્રો-પ્રોસેસિંગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | ૨૦ |
| ૭ | પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ, જૂ. કૃ.યુ, તરઘડીયા | ૧૩ |

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની ઉપરોક્ત પોલીટેકનીક્સમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫નાં કોમન પ્રવેશ ને અંતે ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટે ધો. ૧૦માં અંગ્રેજી વિષય સાથે ઉતીર્ણ થયેલ પ્રવેશ પાત્રતા ધરાવતા અને લઘુત્તમ લાયકાત ધરાવતા (General/ EWS/SEBC કેટેગરીનાં ઉમેદવારો માટે ધો. ૧૦માં મુખ્ય વિષયોમાં - ૪૦% તથા SC/ST કેટેગરીનાં ઉમેદવારો માટે ધો. ૧૦માં મુખ્ય વિષયોમાં-૩૩%) તથા ચાલુ વર્ષની ૩૧ ડિસેમ્બરે ઓછામાં ઓછા ૧૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોએ નીચેની વિગતેના તમામ ઓરીજનલ ડોક્યુમેન્ટસ તથા તેનાં પ્રમાણિત ઝેરોક્ષનાં બે સેટ સાથે **તા. ૧૭/૦૮/૨૦૨૪ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયના સેમીનાર હોલ** ખાતે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

**અરજી ફોર્મ સાથે સામેલ કરવાના પ્રમાણપત્રોની ઓરીજીનલ તથા નકલો (૨-સેટ) ની યાદી:**

૧. ધોરણ-૧૦ની માર્કશીટ

૨. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (LC)

૩. આધારકાર્ડ

૪. જાતિ અંગેનું પ્રમાણપત્ર જો લાગુ પડતું હોય તો,

- જો જાતિ SEBC હોય તો વેલીડ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર (તા. ૦૧/૦૪/૨૦૨૨ કે ત્યારપછીનું)

૫. ૭-૧૨ અને ૮-અ નો તા. ૦૧/૦૪/૨૦૨૪ પછીનો દાખલો તથા વિદ્યાર્થીનો ખેડૂત ખાતેદાર સાથે સબંધ પ્રસ્થાપિત કરતું પેઢીનામું / તલાટીનો દાખલો / રેશન કાર્ડ / સરકારશ્રી દ્વારા માન્ય કોઈપણ એક ડોક્યુમેન્ટ

ઉમેદવારોએ રૂબરૂ કાઉન્સેલિંગના સ્થળે અરજી ફોર્મ ફી રૂ.૨૦૦/- (નોન રીફંડેબલ) ઓનલાઇન ભરી, રજીસ્ટ્રેશન કરાવી ફોર્મ ભરી (ફોર્મ કોલેજ દ્વારા ભરી આપવામાં આવશે) તેની સાથે જોડેલ પ્રમાણપત્રોના ઝેરોક્ષનાં સેટને આધારે નિયમોનુસાર મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે મેરીટના આધારે રૂબરૂ કાઉન્સેલિંગ યોજવામાં આવશે. વિદ્યાર્થીઓને કોમન પ્રવેશને અંતે હાલમાં ખાલી રહેલ બેઠકોમાં જ મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

- જે વિદ્યાર્થીઓ ખેડૂતપુત્રો / ખેડૂત ખાતેદાર હોય તેઓને નિયમોનુસાર પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર તથા પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચરમાં ખેડૂતપુત્ર ના વધારાના પાંચ ટકા ગુણભાર/વેઈટેજ મળવાપાત્ર થશે એટલે આવા વિદ્યાર્થીઓએ 7-12, 8-A ની તાજેતરની ઓરીજનલ નકલ તથા વિદ્યાર્થીનો ખેડૂત ખાતેદાર સાથે સબંધ પ્રસ્થાપિત કરતું પેઢીનામું/તલાટીનો દાખલો/રેશન કાર્ડ /સરકારશ્રી દ્વારા માન્ય કોઈપણ એક ડોક્યુમેન્ટ સાથે લાવવાનુ રહેશે.
- રૂબરૂ કાઉન્સેલિંગ વખતે વિદ્યાર્થીઓને એડમીશન મળે એટલે તુરંત જ ફી (વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૨૨૦/-, વિદ્યાર્થીનીઓ માટે રૂ. ૯૬૦/-) ભરવાની રહેશે. ફી નહિ ભરનાર વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થશે.
- પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી માત્ર વિદ્યાર્થીનીઓ માટે જ મંજૂર થયેલ હોય, તેથી સદર પોલીટેકનીકમાં માત્ર વિદ્યાર્થીનીઓને જ પ્રવેશ આપવામાં આવશે.
- રૂબરૂ કાઉન્સેલિંગનાં દિવસે નિયત કરેલ સમય કરતાં મોડા આવનાર વિદ્યાર્થીઓને જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.
- ખાલી બેઠકો ભર્યા બાદ એડમીશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામા આવશે .
- રૂબરૂ પ્રવેશ માટે આવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની ખાતરી પ્રવેશ સમિતિ આપતી નથી.
- રૂબરૂ કાઉન્સેલિંગ માટે વિદ્યાર્થીઓ / વાલીઓએ સ્વ-ખર્ચે હાજર રહેવાનું રહેશે.

(signature) ૨૩.-૯

**કુલસચિવ**
**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી**
**જૂનાગઢ**